# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-07-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં 'ગુજરાત સેમિકનેક્ટ પરિષદ'નો પ્રારંભ કરાવ્યો.. ઉદ્યોગ જગતના વિવિધ અગ્રણીઓ સાથે મુખ્યમંત્રીએ બેઠકો યોજી..
- હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કર્યું- દેવભૂમિ દ્વારકામાં 12 ઇંચથી વધુ વરસાદ વરસ્યો..
- રાજ્ય સરકારે દરેક ગામોમાં પાણીજન્ય રોગોને નિયંત્રિત કરવા માટે સઘન કામગીરી શરૂ કરી..
- રાજ્ય સરકારે બાગાયતી પાકોના ખેડૂતો માટે ૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ સાથે વધુ એક નવી યોજના અમલમાં મૂકી..
- કેન્દ્રીય રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ આગામી 23મી જુલાઇએ રજૂ થનારું બજેટ દેશને આર્થિક પ્રગતિએ લઈ જશે, એવો વિશ્વાસ વ્યક્ત કર્યો..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM- SEMICONECT CONF.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'ગુજરાત સેમિકનેક્ટ પરિષદ'નો પ્રારંભ કરાવ્યો છે.. આ પ્રસંગે ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આ પરિષદ રાજ્યને સુદ્રઢ ઇકોસિસ્ટમ સાથેનું સેમિકન્ડક્ટર ઉત્પાદન કેન્દ્ર બનાવવાના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં એક મજબૂત પગલું સાબિત થશે..તેમણે વધુમાં કહ્યું કે, આ પરિષદ થકી સેમીકન્ડકટર ક્ષેત્રની વૈશ્વિક કંપનીઓ અને ગુજરાતની સ્થાનિક કંપનીઓ એક મંચ પર આવશે. જેના થકી સ્થાનિક પુરવઠા સાંકળ વધુ મજબૂત બનશે.

**(બાઇટ- મુખ્યમંત્રી)**

ગુજરાતના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ દ્વારા યોજાઇ રહેલી આ એક દિવસીય પરિષદમાં આજે માઇક્રોન, ટ્યુબ ઇનવેસ્ટમેન્ટ, તાઇવાનની PSMC કંપની, તાતા ઇલેક્ટ્રોનિક્સના સહિતની સેમિકન્ડકર ક્ષેત્રની ટોચની કંપનીઓના પ્રતિનિધીઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત 20થી વધુ રાષ્ટ્રીય અને આતંરરાષ્ટ્રીય સંસ્થાઓઓનાં પ્રતિનિધિઓ આ પરિષદમાં ભાગ લીધો.

ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડના એમ.ડી. ગિરીશ અગ્રવાલે મુખ્યમંત્રીને પોર્ટ દ્વારા હાથ ધરાઈ રહેલા પ્રોજેક્ટની જાણકારી આપી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની બેઠકમાં તાતા ઇલેક્ટ્રોનિક્સના CEO રણધીર ઠાકુરે ગુજરાત સરકાર તરફથી ઉત્પાદન સુવિધાઓ શરૂ કરવા માટે મળી રહેલા સહયોગની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, તાતા દ્વારા શરૂ થનારા પ્લાન્ટમાં પ્રત્યક્ષ અને પરોક્ષ મળીને એક લાખથી વધુ રોજગાર અવસર મળશે..

# RAIN AAGAHI

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદને જોતા રેડ અલર્ટ જાહેર કર્યું છે. આવતીકાલે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી,વલસાડ,દમણ,દાદરાનગર હવેલીમાં ભારેથી અતિ ભાવે વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ,પોરબંદર,જુનાગઢ,અમરેલી,દ્વારકા અને ગીર સોમાનથમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે.

ઉપરાંત દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓ, મધ્ય ગુજરાતમાં અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને વડોદરામાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ જિલ્લાઓમાં ગાજવીજ સાથે 30થી 40 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

# RAIN OVERALL

રાજ્યમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ઘણા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થઇ રહ્યો છે. રાજ્યના 108 તાલુકાઓમાં આજે હળવોથી અતિભારે વરસાદ નોંધાયો છે. સૌથી વધુ 12 ઇંચથી વધુ વરસાદ દેવભૂમિ દ્વારકા જીલ્લામાં નોંધાયો છે. આ ઉપરાંત પોરબંદર અને જૂનાગઢમાં ત્રણ તાલુકાઓમાં નવ ઇંચ જેટલો વરસાદ થયાના અહેવાલ છે. વલસાડના ઉંબેરગામ તાલુકામાં છ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

દ્વારકાના કલ્યાણપુર તાલુકામાં ભારે વરસાદના પગલે NDRF ની ટીમ ભાટીયા ગામે પહોંચી છે... જ્યારે ખંભાળિયા પાસે આવેલ સિંહન ડેમ છલકાયો છે.. દ્વારકા જીલ્લામાં થઇ રહેલા ભારે વરસાદને પગલે રેલ વ્યવહાર ખોરવાયો છે. આ વિશે રેલવેના જનસંપર્ક અધિકારી પ્રદિપ શર્માએ જણાવ્યું કે,

## (બાઇટ- પ્રદિપ શર્મા)

કચ્છના નખત્રાણા તાલુકાના મંગવાણામાં છેલ્લા 24 કલાકમાં 8 ઇંચ વરસાદ વરસ્યો. ભુજ- નલિયા હાઇ-વે બેટમાં ફેરવાયો છે.

અમરેલીના ખાંભા, વાડિયા અને કુંકાવાવ વિસ્તારમાં નદીઓમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઇ છે.

રાજકોટના ઉપલેટા જિલ્લાના વેણુ ડેમના ઉપરવાસમાં થઇ રહેલા સતત વરસાદને કારણે મોટા પાયે પાણીની આવક થતા ડેમના ૭ દરવાજા ખોલવામાં આવ્યા છે. જેથી હેઠવાસના ગામોમાં લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા સૂચના આપવામાં આવી છે..

# CHANDIPURA VIRUS UPDATE

રાજ્ય સરકારે દરેક ગામોમાં પાણીજન્ય રોગો ઉદભવે નહીં અથવા કોઇ રોગ નોંધાયા હોય તો તેને નિયંત્રિત કરવા માટે સઘન કામગીરી શરૂ કરી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ચાંદીપુરા વાઇરસના સૌથી વધુ શંકાસ્પદ કેસ ધરાવતા સાબરકાંઠા જિલ્લાની GMERS મેડિકલ કૉલેજ ખાતે આ મુજબ જણાવ્યું હતું.. તેમણે એન્કેફેલાઇટીસની સારવાર લઈ રહેલા બાળકોની મુલાકાત લઈ તેમના ખબર અંતર પૂછ્યા.

જે બાદ તેમણે સાબરકાંઠા જિલ્લામાં એન્કેફેલાઇટીસના શંકાસ્પદ કેસોની સારવાર, તેમજ ઉપચાર, વ્યવસ્થા અંગે સમીક્ષા બેઠક કરી હતી.. બેઠકમાં તેમણે અસરગ્રસ્ત ગામો સહિત જિલ્લાના તમામ ગામોમાં દવા અને સ્પ્રેના છંટકાવ કરવાનું સૂચન કર્યું.

દરમિયાન, ગાંધીનગર જિલ્લાના અમરાજીના મુવાડા અને પાનસર ગામે આરોગ્ય સર્વેલન્સની કામગીરી હાથ ધરાઇ છે. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા અલગ અલગ જગ્યાએથી એકત્ર કરેલી સેન્ડ ફ્લાયને પ્રયોગશાળામાં પરિક્ષણ માટે મોકલવામાં આવી છે.

પંચમહાલ જિલ્લામાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ 4 કેસ નોંધાયા છે, જેમાંથી અત્યાર સુધીમાં એક બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. જિલ્લા આરોગ્ય ટીમે ગામોમાં દવાનો છંટકાવ કરી તપાસ હાથ ધરી છે.

# CHANDIPURA NOTIFICATION

એનકેફેલાઇટીસ એટલે કે ચાંદીપુરા વાઇરસને લઈને રાજ્ય સરકારે માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમાં સામાન્ય નાગિરકોને આ રોગના લક્ષણો, સારવાર અને બચાવ વિશેની માહિતી આપવામાં આવી છે. માર્ગદર્શિકામાં કહેવાયું છે કે RNA એક વાયરસ છે, જેના સંક્રમણથી મગજનો તાવ આવે છે. આ વાઇરસ નવજાત શીશુથી માંડીને ૧૪ વર્ષ સુધીના બાળકોને પ્રભાવિત કરે છે.

ચાંદીપુરા વાઇરસ સામાન્ય રીતે સેન્ડફ્લાય માખી તેમજ મચ્છને કારણે ફેલાય છે. જે ભેજવાળા મકાનોમાં પડેલી તિરાડોમાં જોવા મળે છે. માર્ગદર્શિકામાં સ્પષ્ટતા કરાઈ છે કે આ કોઈ ચેપી રોગ નથી. તે એક બાળકમાથી બીજા બાળકમાં પ્રસરતો નથી. રોગપ્રતિકારક શક્તિ ઓછી હોવાને કારણે બાળકોને વાઇરસની અસર થવાની વધુ શક્યતા રહે છે. વાયરલ એન્કેફેટિલાઇટીસમાં સખત તાવ. ઝાડા ઉલટી, ખેંચ, અર્ધ બેભાન કે બેભાન થવું જેવા લક્ષણો જોવા મળી શકે છે.

રોગથી બચવા માટે બાળકોને ખુલ્લી શરીરે બહાર રમવા ન મોકલવા, જંતનાશક દવાઓને છંટકાવ કરવો, મચ્છરદાનીનો ઉપયોગ સહિતના સૂચનો અપાવામાં આવ્યા છે.

# RAGHAVJI PATEL- COLD STORAGE

રાજ્ય સરકારે બાગાયતી ઉપજોનો બગાડ અટકાવવા તેમજ ખેડૂતોને સારો બજાર ભાવ મળી રહે તે માટે ૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ સાથે વધુ એક નવી યોજના અમલમાં મૂકી છે. જે અંતર્ગત બાગાયતી ખેતી કરતા ખેડૂતો પોતાના ઉત્પાદનોનો સારી રીતે સંગ્રહ કરી શકે તે માટે ૧૦ હજાર મેટ્રિક ટન ક્ષમતા સુધીના કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા અંગેની નવી યોજના શરૂ કરવામાં આવી છે.

કૃષિમંત્રી રાઘવજી પટેલે યોજના અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું કે, આ યોજના હેઠળ ૫ હજાર મેટ્રિક ટનથી મોટા અને ૧૦ હજાર મેટ્રિક ટન ક્ષમતા સુધીના કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા માટે એકમદીઠ ખર્ચના મહત્તમ ૫૦ ટકા સુધીની સહાય આપવામાં આવશે. વધુમાં તેમણે ઉમેર્યું કે, કોલ્ડ સ્ટોરેજમાં બાગાયતી પાકોની ગુણવત્તા લાંબા સમય સુધી જળવાઈ રહેતી હોવાથી, ખેડૂતો તેમની ઉપજના સારા બજાર ભાવ મેળવીને આર્થિક નુકશાનથી બચી શકે છે.

# A’VAD- RAMDAS AATHVALE PC.

આગામી 23મી જુલાઇએ રજૂ થનારું બજેટ દરેક ક્ષેત્રના લોકોને ધ્યાનમાં રાખીને બનાવાયું છે તેથી તે દેશને આર્થિક પ્રગતિએ લઈ જવા માટેનું બજેટ બની રહેશે. અમદાવાદ ખાતે આજે કેન્દ્રીય રાજ્યમંત્રી રામદાસ આઠવલેએ પત્રકાર પરિષદમાં આ મુજબ જણાવ્યું હતું.. શ્રી આઠવલેએ બજેટ અંગે વધુમાં જણાવ્યું હતું કે,

## (બાઇટ- રામદાસ આઠવલે)

તેમણે જણાવ્યું હતું કે, સરકારે ૩ કરોડ લોકોને આવાસ આપવા માટે બજેટ પાસ કર્યું છે. શ્રી આઠવલેએ ગુજરાતમાં સામાજીક ન્યાય અને

અધિકારીતા વિભાગની યોજનાઓના અમલીકરણ અંગે સમીક્ષા બેઠક પણ યોજી હતી.

# NEWS IN BRIEF

## અને હવે કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં...

- આકાશવાણી વડોદરા ખાતે મેડિકલ કેમ્પ યોજાયો, જેમાં સંસ્થાના કર્મચારીઓ તથા પરિવારજનોની ફ્રી મેડીકલ તપાસ કરવામાં આવી..
- સાબરકાંઠાના પ્રાંતિજના વદરાડ ગામે પ્રાકૃતિક ખેતી અંગે એક તાલીમ કાર્યક્રમ યોજાયો.
- ગાંધીનગર મહાનગરપાલિકાની આજે પ્રથમ સામાન્ય સભા મળી, જેમાં બઢતી અને ભરતી અંગેના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી..
- દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના સેવાનીયા પ્રોપાર આંગણવાડી કેન્દ્ર ખાતે વિવિધ યોજનાઓ હેઠળ કાર્યક્રમો યોજાયા..
- દક્ષિણ રેલવેના ચેન્નઈ મંડળના તામ્બરમ સ્ટેશન પર નૉન-ઇન્ટરલોકિંગની કામગીરીને કારણે અમદાવાદ-તિરુચિરાપલ્લી-અમદાવાદ સાપ્તાહિક સ્પેશલ ટ્રેનના ચાર ફેરા પરિવર્તિત માર્ગથી ચલાવવાનો નિર્ણય લેવાયો..
- COE ઉકાઈ ખાતે ખેડૂત વૈજ્ઞાનિક ચર્ચાનું આયોજન ખાતે કરવામાં આવ્યું...